દાખલ તારીખ ઃ ૨૦/૦૪/૨૦૨૨
નોંધ્યા તારીખ ઃ ૨૦/૦૪/૨૦૨૨
ફેંસલ તારીખ ઃ ૦૧/૦૭/૨૦૨૬
સમયગાળો ઃવર્ષ – માસ – દિવસ
૦૪ – ૦૨ – ૧૧

---

**પાટણના મે. એડી. ચીફ જ્યુડી. મેજી. સાહેબની કોર્ટ. મુ. પાટણ.**

---

**ફોજદારી કેસ. નં. ૧૨૨૫/૨૦૨૨**
**આંક – ૨૪**

**ફરીયાદી :– શ્રી સરકાર...**

**–:: વિરૂધ્ધ ::–**

**આરોપી :– માજીરાણા રમેશભાઈ શંકરભાઈ**

ઉ.વ.૪૪, રહે.ઘાટલોડીયા, અમદાવાદ, જી. અમદાવાદ.

**ગુનો :–** **<u>ઈ.પી.કોડની કલમ–૨૭૯, ૩૩૭, તથા</u>**
**<u>એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ...</u>**

---

**ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી સી.એલ.દરજી**
**આરોપી તરફે વિ.વ.શ્રી પી.જી. પરમાર**

---

## ઃ ઠ રા વ ઃ

(૧) હાલના કામે ફરીયાદ પક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી પોતાનું મોટર સાયકલ નં.GJ 24 AL 0164 નુ લઈને પાટણ બજારમાંથી નીકળીને પોતાના ઘરે વૃંદાવન સોસાયટી સંખારી રોડ તરફ જતા હતા તેવામાં પદ્મનાથ ચાર રસ્તા પાસે પહોંચતાં એક લાલ કલરની ફોર વ્હીલર ગાડી જેનો આર.ટી.ઓ. રજી. નં. જી.જે. ૩૮ બી ૫૦૭૯ ના ચાલકે પોતાની ગાડી પુર ઝડપે અને ગફલતભરી રીતે માણસની જીંદગી જોખમાય તે

રીતે હંકારી ફરી. ના મો. સા. ને પાછળથી ટક્કર મારી ફરી. ને નીચે પાડી દઈ ફરી. ની જમણા હાથે તથા ડાબા હાથે નાની મોટી ઈજાઓ કરી પોતાની ગાડી લઈ જતો રહી આરોપીએ આઈ.પી.સી. કલમ–૨૭૯, ૩૩૭, તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો ગુન્હો કરેલ હોય તે અંગેની આ કામના ફરીયાદી રાજેન્દ્રકુમાર કરશનભાઈ વાઘેલાનાઓએ બનાવ અંગેની ફરીયાદ પો.સ્ટે. દાખલ કરાવેલી. જે ફરીયાદ મુજબ આરોપી વિરૂધ્ધ પાટણ સીટી બી ડીવીઝન પો.સ્ટે., ગુના રજીસ્ટર નં.૧૧૨૧૭૦૨૦૨૨૦ ૨૨૪/૨૦૨૨ થી ગુન્હો દાખલ કરી તપાસ કરનાર અધિકારીએ તપાસના અંતે આરોપી વિરૂધ્ધ આક્ષેપિત ગુન્હાનું ચાર્જશીટ દાખલ કરેલ.

(૨) ચાર્જશીટ રજુ થયા બાદ તે રજીસ્ટરે લઈ આરોપીને હાજર રહેવા સમન્સ કરવામાં આવતા તેઓ પોતાના વકીલશ્રી મારફતે હાજર થતા આરોપીને તેની વિરુધ્ધના પોલીસ તપાસના કાગળોની નકલો સી.આર.પી.સી. કલમ–૨૦૭ મુજબ આપવામાં આવેલી. તે બાદ આરોપી સામે તેની વિરુધ્ધના ગુના સબબ આંક–૦૭ થી પ્લી રેકર્ડ કરતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરતાં ફરીયાદપક્ષનો કેસ પુરાવો લેવા મુલત્વી રાખવામાં આવેલ. ત્યારબાદ ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો રેકર્ડ કરવામાં આવેલો.

(૩) ફરીયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**–:: મૌખિક પુરાવો ::–**

| અનુ. નં. | મૌખિક પુરાવાની વિગત | આંક નંબર |
|---|---|---|
| ૧. | દુધાભાઈ નરસિંહભાઈ મેતીયા | ૧૦ |
| ૨. | રાજેન્દ્રકુમાર કરશનભાઈ વાઘેલા | ૨૦ |

**–:: દસ્તાવેજી પુરાવો ::–**

| અનુ. નં. | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક નંબર |
|---|---|---|
| ૧. | ફરિયાદી–રાજેન્દ્રકુમાર કરશનભાઈ વાઘેલાની | ૨૧ |

| | | |
|---|---|---|
| | ફરીયાદની નકલ | |
| ૨. | ગુનાવાળી જગ્યાનું કરેલ પંચનામું | ૧૧ |
| ૩. | ફરિયાદી–રાજેન્દ્રકુમાર કરશનભાઈ વાઘેલા નુ વિશેષમાં નિવેદન | |
| ૪. | ધારપુર સિવિલ પાટણ ડૉક્ટર શ્રી એ આપેલ સારવાર સર્ટી. | ૨૨ |
| ૫. | સાહેદ–અભુજી વસ્તાજી ઠાકોરનુ નિવેદન | |
| ૬. | ચાર્જશીટ કાઉન્ટરની નકલ | |
| ૭. | ક્લોઝીંગ પુરસીસ | ૨૩ |

(૪) ઉપરોકત પુરાવા બાદ આરોપીનું વિશેષ નિવેદન લેવા જેટલો પુરતો પુરાવો પડતો ન હોઈ આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી.

(૫) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી સી.એલ.દરજી તથા આરોપી તરફે વિ.વકીલશ્રી જે.વી.પરમારની દલીલો સાંભળી.

(૬) આ કામે નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉદભવે છે.

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ પોતાની ગાડી પુર ઝડપે અને ગફલતભરી રીતે માણસની જીંદગી જોખમાય તે રીતે હંકારી ફરી. ના મો. સા. ને પાછળથી ટક્કર મારી ફરી. ને નીચે પાડી દઈ ફરી. ની જમણા હાથે તથા ડાબા હાથે નાની મોટી ઈજાઓ કરી પોતાની ગાડી લઈ જતો રહી આઈ.પી.સી. કલમ–૨૭૯, ૩૩૭, તથા એમ.વી.એકટની કલમ – ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો ગુન્હો કરેલ છે ?

૨. શુ હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**-:કારણો:-**

**-: મુદા નં. ૧:-**

(૮) સદર કામે ફરીયાદપક્ષ તરફે ફરીયાદી દુધાભાઈ નરસિંહભાઈ મેતીયાને આંક-૧૦ થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદની સરતપાસમાં સાહેદ જણાવે છે કે, ગઈ તા.૦૭/૦૩/૨૦૨૨ ના રોજ તેઓ લીલીવાડી પાસે ઉભા હતા ત્યારે પોલીસે તેમની એક તૈયાર પંચનામામાં સહી કરાવેલી તે સીવાય તેઓ કંઈ જાણતા નથી. તેમને પંચનામાની ખરી નકલ બતાવવામાં આવે છે. પોલીસે તેમનું વિશેષ નિવેદન લીધેલું. આમ, સદર ફરીયાદીએ ફરીયાદપક્ષને સમર્થન કરેલ ન હોઈ ફરીયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. વિ.એ.પી.પી.શ્રીએ ઉલટતપાસ કરેલ તેમાં પણ ફરીયાદપક્ષને સમર્થન કરેલ નથી.

સદર ફરીયાદીની બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ સ્વીકાર કરેલ છે કે, તૈયાર પંચનામામાં સહી કરેલી તે સિવાય કંઈ જાણતો નથી. બનાવ વિશે મને કોઈ જાત માહીતી નથી.

(૧૦) સદર કામે ફરીયાદપક્ષ તરફે ફરીયાદી રાજેન્દ્રકુમાર કરશનભાઈ વાઘેલા ને આંક-૨૦ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે ગઈ તા.૦૭/૦૩/૨૦૨૨ ના રોજ તેઓ પોણા ચાર વાગ્યાના સમયે તેમનું મો.સા.નં. જી.જે.૨૪ એ.એલ.૦૧૬૪નું લઈને પાટણ બજારમાંથી નીકળી તેમના ઘર બાજુ જતા હતા ત્યારે પદ્મનાથ ચાર રસ્તા પાસે પહોંચતા પાછળથી ગાડી આવેલી અને કોઈ કારણસર તેમના મો.સા.ને અડી જતા તેમનું મો.સા. નીચે પડી જતા તેમને જમણા હાથની કોણીના ભાગે તેમજ ડાબા હાથના ભાગે છોલાયેલુ અને આ બાબતે તેઓએ તેમના કાકાના દીકરા રાજુભાઈને ફોન કરી બોલાવેલા અને રાજુભાઈ પોતાના એકટીવામાં તેમને પાટણ સરકારી દવાખાને સારવાર સારુ લઈ ગયેલા અને

આ ગાડીનો નં.જી.જે.૩૮ બી.૫૦૭૯ હતો આ બાબતે તેઓએ પો.સ્ટે. ફરીયાદ આપેલી. પોલીસે તેમનું વિશેષ નિવેદન લીધેલું. આમ, સદર ફરીયાદીએ ફરીયાદપક્ષને સમર્થન કરેલ ન હોઈ ફરીયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. વિ.એ.પી.પી.શ્રીએ ઉલટતપાસ કરેલ તેમાં પણ ફરીયાદપક્ષને સમર્થન કરેલ નથી.

સદર ફરીયાદીની બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ સ્વીકાર કરેલ છે કે, તેઓએ તેમની ફરીયાદમાં ચાલકનુ નામ કે તેનુ વર્ણન જણાવેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળો વિસ્તાર ટ્રાફીકવાળો એરીયા આવેલ છે. એ વાત ખરી છે કે ગાડી પાછળથી આવેલી હોય કેવી ગતિમાં આવેલી તે તેઓએ જોયેલ નહી. એ વાત ખરી છે કે હાલના આરોપીએ તેઓનું કોઈ અકસ્માત કરેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે હાલના આરોપી જોડે તેઓને ઘરમેળે સમાધાન થયેલ છે.

(૧૦) આમ, હાલના કામે અન્ય સાહેદોને તપાસવામાં આવેલ નથી કે પંચ સાહેદ કે તપાસ કરનાર અમલદાર કે ડોકટરને પણ તપાસવામાં આવેલ નથી. હાલના કામે ફરીયાદીની ઉલટતપાસ વંચાણે લેતાં, "બનાવવાળો વિસ્તાર ટ્રાફીકવાળો એરીયા આવેલ છે, ગાડી પાછળથી આવેલી હોય કેવી ગતિમાં આવેલી તે તેઓએ જોયેલ નહી, હાલના આરોપીએ તેઓનું કોઈ અકસ્માત કરેલ હોય તેવુ બનેલ નથી". વધુમાં આંક–૧૧ થી રજુ ગુન્હાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદને પણ તપાસવામાં આવેલ છે જેઓ હોસ્ટાઈલ જાહોર થયેલ છે. તેથી હાલના કામે આરોપી વિરુધ્ધ રજુ થયેલ પુરાવો વંચાણે લેતાં આરોપીને હાલના ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય નહી. આ તમામ પાસાઓ ધ્યાને લેતાં ફરીયાદ પક્ષ મુદ્દા નં.૧ પુરવાર કરવામાં નિઃષ્ફળ નીવડેલ હોવાનું સાબિત થાય છે. આથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં. ૨ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**ઃ <u>હુ ક મ</u> ઃ**

૧. આ કામના આરોપી માજીરાણા રમેશભાઈ શંકરભાઈ

ઉ.વ.૪૪, રહે.ઘાટલોડીયા, અમદાવાદ, જી. અમદાવાદ નાઓને આઈ.પી.સીની કલમ–૨૭૯, ૩૩૭, તથા એમ.વી.એકટની કલમ – ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીએ અગાઉ આપેલ જામીન ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ આજથી છ માસ માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૦૧ લી, માહે જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૧/૦૭/૨૦૨૬
પાટણ.

**(ધીરેન મનહરલાલ ચૌહાણ)**
**એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,**
**પાટણ**
**Code No.GJ**–01006

DSS